## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



સવિતાબેન અમૃતલાલ સુથાર
(૧૯૪૫) ફોન. ૨૩૨-૮૦૦૪

# જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ ૧૪મીથી ઉજવાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં તા. ૧૪,૧૫ અને ૧૬મી જૂન-૨૦૧૨ના રોજ શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો કાર્યક્રમ યોજાશે. ત્રિદિવસીય કાર્યક્રમ દરમ્યાન જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ સહિત સાસંદ, બોર્ડ નિગમના ચેરમેન અને આઇ.એ.એસ,આઇ.એફ.એસ, આઇ.પી.એસ કક્ષાના અધિકારીશ્રીઓ જિલ્લાની વિવિધ શાળાઓમાં જઇ બાળકોને -વેશ અપાવશે.

તા.૧૪મી જૂન-૨૦૧૨થી શરૂ થતાં ત્રિદિવસીય શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના -થમ દિવસે જિલ્લા -ભારી મંત્રી અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ અમરસિંહનામુવાડા, આંત્રોલી, હાથીજણ, ઈસનપુર ડોડિયા અને પહાડભાઈની મુવાડી ગામની શાળામાં બાળકોને -વેશ કરાવશે. તા.૧૫ મી જૂન-૨૦૧૨ના રોજ સંસદ સભ્ય શ્રી હરિનભાઈ પાઠક રાંધેજા કન્યા, કૃષ્ણનગર, રૂપાલ કન્યા, સોનીપુર અને સરઢવ કન્યા શાળામાં અને તા.૧૬મી જૂનના રોજ આનંદપુરા, શેરીસા,સબાસપુર, ઉસ્માનાબાદ અને ગણપતપુરા ગામે યોજાનાર શાળા - વેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમના ચેરપર્સન શ્રીમતી સીતાબેન નાયક તા. ૧૪ મી જૂનના રોજ અનોડિયા-૧,૨,૫ અને ૬ની શાળામાં જશે.



અમદાવાદમાં મોંઘવારીના વિરોધમાં પાલડી ચાર રસ્તા પાસે દેખાવો કરવામા આવ્યા હતા.

# ભાજપની પ્રદેશ કારોબારીમાં સરકારની સિદ્ધિઓની પુસ્તિકાનું વિતરણ

ગાંધીનગર, તા. ૮

રાજ્ય સરકારની કામગીરીની વિગતો જનજન સુધી પહોંચાડવા માટે વિભાગો દ્વારા તૈયાર કરવામાં આવેલ માહિતી પુસ્તિકાઓ આવતીકાલે પ્રદેશ ભાજપના આગેવાનોને આપવામાં આવશે અને ગ્રામ્ય પ્રજા સુધી સરકારની કામગીરી અને વિકાસ ગાથાઓને પહોંચાડી પ્રચાર કરવા અનુરોધ કરવામાં આવશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણી આગામી ડિસેમ્બર-૨૦૧૨ માં યોજાનારી છે. આ ચૂંટણી આડે હવે માત્ર ૬ માસ જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે ભાજપ દ્વારા ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કર્યા છે.

રાજકોટ ખાતે આવતીકાલથી પ્રદેશ ભાજપ કારોબારીની બેઠકનો આરંભ થઈ રહ્યો છે. બે દિવસ ચાલનારીઆ કારોબારીમાં રાજ્યમંત્રીમંડળના સભ્યો પ્રદેશ આગેવાનો, ધારાસભ્યો, સાંસદો, વિવિધ મોરચાના આગેવાનો, જિલ્લા તાલુકાના આગેવાનો સહિત રાજ્યભરમાંથી અંદાજે ૪૦૦ થી વધુ આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહેનાર છે.

બે દિવસ ચાલનારી આ બેઠકમાં આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારી અને વ્યૂહરચના ઘડવા માટેની ચર્ચા-વિચારણાઓ કરવામાં આવશે તેમજ આગામી ચૂંટણીને ધ્યાને રાખીને ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢીને જાહેર કરવામાં આવશે.

રાજ્યની વર્તમાન ભાજપ સરકારના શાસન દરમ્યાન કરવામાં આવેલ પ્રજાલક્ષી વિકાસ કામો, મેળવેલી સિદ્ધિઓ અને રાજ્યનો સાધવામાં આવેલ વિકાસની યશગાથાઓ ગ્રામ્ય પ્રજા અને જનજન સુધી પહોંચે તે માટે રાજ્ય સરકારના તમામ વિભાગો દ્વારા તેમણે મેળવેલી સિદ્ધિઓ અને કરેલ વિકાસકામોની ગાથાઓ રજુ કરતા હેન્ડસેટો તૈયાર કરવામાં આવ્યા છે. તમામ વિભાગોને આ વિગતો દર્શાવતા ૪૦૦ જેટલા સેટો તૈયાર કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી.


કારોબારી બેઠકમાં ઉપસ્થિત રહેનાર જિલ્લા તાલુકાના ભાજપના આગેવાનો અને વિવિધ મોરચાના હોદ્દેદારોને આ માહિતી પુસ્તિકાઓ આવામાં આવશે અને તે જન જન સુધી પહોંચાડીને રાજ્ય સરકારની કામગીરીનો પ્રચાર પ્રસાર કરવા માટે અનુરોધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# માણસામાં મતદાર સહાયક કેન્દ્રનો શુભારંભ

માણસા, તા.૮

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત આજે માણસા મામલતદાર કચેરીએ મતદાર સહાયક કેન્દ્રનો શુભ આરંભ કરવામાં આવ્યો છે. જે કેન્દ્ર આગામી તા. ૧૮મી જૂન સુધી ચાલશે. મળતી માહિતી અનુસાર ગુજરાત રાજયમાં રહેતા હોય અને ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હોય તથા મતદાર યાદીમાં નામ ન નોંધાયું હોય અથવા મતદાર કાર્ડમાં ભૂલ હોય કે પછી ચૂંટણી કાર્ડ ખોવાઈ ગયું હોય તેવા તમામ મતદાતાને ધ્યાને લઈ રાજય ચૂંટણી પંચ દ્વારા તા. ૧ થી ૧૮ જૂન ૨૦૧૨ સુધી મતદાર યાદી સુધારણા કાર્યક્રમનો આરંભ મામલતદાર કચેરીએથી કરવામાં આવ્યો છે. જેમાં સવારથી જ યુવાનોએ કેન્દ્રની મુલાકાત લઈ પોતાનું નામ નોંધાવી શરૂઆત કરી છે અને મામલતદારે ૧૦૦ ટકા લક્ષ્યાંક પૂર્ણ કરવા ખાતરી આપી છે અને હજુ પણ મતદાર યાદીમાં જે મતદારોના નામ ન હોય તેઓને નામ નોંધણી કરાવી લેવા અનુરોધ કર્યો છે.

## શબ્દાવલી - ૪૭૫૨



**આડી ચાવી**

૧. ઈજ્જત, સાડીનો માથે ઓઢવાનો ભાગ (૫)
૪. તમે જેવો માનવાચક શબ્દ (૨)
૬. અમાનત (૩)
૭. પાલન, હુકમનો... કરવો (૩)
૮. મચકોડ (૫)
૯. હલચલ (૫)
૧૦. ખામી, ખોટ (૨)
૧૨. આઘીપાછી કરવી (૪)
૧૪. 'કપડા' શબ્દ આડોઅવળો (૩)
૧૫. ઈજ્જત, આબરૂ (૨)
૧૭. સાંભળવાની ઈન્દ્રિય (૨)
૧૮. વજનનું એક માપ (૨)
૨૦. મનુષ્ય, માણસ (૨)
૨૧. મશક, પખાલી પાણી છાંટવા રાખે તે (૩)
૨૨. બીક લાગે તેવું ભયજનક (૪)

**ઊભી ચાવી**

૧. મથવું તે, .... કરવી (૪)
૨. ચાંટો, લપાટ (૩)
૩. રાયણ (૨)
૪. ખુબ શક્તિવર્ધન ફળ જેનું ચ્યવનપ્રાશ બને (૩)
૫. સેના, બટાલીયન (૪)
૭. ઈચ્છા, આકાંક્ષા (૪)
૯. મુક્ત હાસ્ય, ... હસવું (૫)
૧૧. લક્ષ્મણે વનમાં લંકેશની બહેનના નાક-કાન કાપ્યા તે રાક્ષસી (૪)
૧૩. દશ માથાવાળો લંકેશ (૩)
૧૬. દોડખ, જહન્નમ (૩)
૧૭. કાચનું એક પાત્ર જે રકાબી જોડે વપરાય છે (૨)
૧૯. આકાશ (૨)

### શબ્દાવલી ૪૭૫૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) છલાંગ (૩) કસતર (૬) રસથાળ (૮) વળગણ (૯) વસ્તાર (૧૦) ડીકો (૧૨) કાટમાળ (૧૪) શાર (૧૫) ચુલા (૧૬) સખ (૧૭) સવાલ (૨૦) નમન (૨૧) લાકરસી

**ઊભી ચાવી :-** (૧) છણાવટ (૨) ગરગડી (૩) કથા (૪) સળવળાટ (૫) રબર (૭) સણકો (૧૧) ધરખમ (૧૨) કાલાવાલા (૧૩) માખ (૧૪) શાસન (૧૫) ચુસ (૧૮) લક (૧૯) વાસી

# મતદાર યાદીની સુધારણા માટે હેલ્પ લાઈન સેવા ચાલુ કરાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૨ અંતર્ગત મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા માટેની જરૂરી કાર્યાવહી માટે તા.૧૮મી જૂન-૨૦૧૨ સુધી વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદાર યાદીની સુધારણા માટે હેલ્પ લાઈન નંબર- ૦૭૯-૨૩૨ ૫૧ ૨૪૩ શરૂ કરવામાં આવેલ છે.

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા માટેના ફોર્મ જિલ્લા સેવા સદનના જનસેવા કેન્દ્ર પરથી, મતદાર નોંધણી અધિકારી/-ંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી મળી શકશે.તેમજ મતદાર યાદીનો મસુદો તા.૧૮મી જૂન-૨૦૧૨ સુધી કલેકટર કચેરી, મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ કચેરી, મતદાર નોંધણી/-ંત અધિકારીની કચેરી, ગ્રામ પંચાયતની કચેરી, મામલતદારની કચેરી, મ્યુનિસિપાલટી અને નજીકના બુથ લેવલ ઓફિસર ખાતે રાખવામાં આવેલ છે.

તા.૧૦મી જૂન અને તા. ૧૭મી જૂન-૨૦૧૨ના રોજ આ માટે એક ખાસ ઝુંબેશનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારના ૯.૦૦ કલાક થી સાંજના ૬.૦૦ કલાક સુધી દરેક વિસ્તારના મતદાન મથકોએ તમામ -કારના ફોર્મ મળશે. ત્યાં જ ભરેલી અરજીઓનો સ્વીકારવામાં આવશે.

મતદાર યાદીમાં નામ ચેક કરવા માટે **http://www.ceogujarat.nic.in Üëo Search Your Name-Electoral Roll** મેનુંમાં જઈ ચેક કરી શકાશે. મતદારે જે તે વિગતોમાં સુધારો કરવા જે નમૂના પત્રકમાં અરજી કરી હોય તેમાં દર્શાવેલ પુરાવા જેવા કે જુનું મતદાર ઓળખકાર્ડ, જન્મ તારીખનો દાખલો( સ્કુલ લીવીંગ/ જન્મ -માણ પત્ર/ પાન કાર્ડ વગેરે), ફોટો અંગેનો કોઈ પણ એક પુરાવો ( લાયસન્સ, પાનકાર્ડ વગેરે), રહેણાંકના પુરાવો ( લાઈટ બીલ, રેશનકાર્ડ, ગેસ બીલ વગેરે) સાથે આપવાના રહેશે.તા.૧ જાન્યુઆરી-૨૦૧૨ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના નવા મતદારનું નામ પણ આ ઝુંબેશમાં દરમ્યાન નોંધાવી શકશે.

# પ્રવાસન ક્ષેત્રે પ્રવૃત્ત લોકોને અંગ્રેજીની તાલીમ આપવા સ્કોપ અને પ્રવાસન નિગમનું આયોજન

ગાંધીનગર, તા. ૮

રાજ્ય સરકારે પ્રવાસન પ્રવૃત્તિને ઉદ્યોગનો દરજ્જો આપીને પ્રવાસનના વિકાસ માટે અનેકવિધ પગલાં ભર્યાં છે. વિદેશી પ્રવાસીઓને રાજ્યમાં વધુ સુવિધા મળી રહે તે માટે પ્રવાસન ક્ષેત્રે પ્રવૃત્ત લોકોને અંગ્રેજીની તાલીમ આપવાનું હવે નક્કી કરાયું છે. પ્રાથમિક તબક્કે અમદાવાદ-વડોદરાના ૫૦૦ જેટલાં લોકોને આવી અંગ્રેજી ભાષાની તાલીમ અપાશે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શરું કરાયેલા સોસાયટી ફોર ક્રિએશન ઓફ ઓપોર્ચ્યુનિટી થ્રુ પ્રોફિસીયન્સી ઈન ઈંગ્લીશ-સ્કોપ અને ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિ. બંનેએ સાથે મળીને પ્રવાસન અને આતિથ્ય સત્કાર ક્ષેત્રે પ્રવૃત્ત લોકોને અંગ્રેજીની તાલીમ આપવા આયોજન કર્યું છે. સ્કોપના જોઈન્ટ સીઈઓ શ્રી સંદિપ શર્માના જણાવ્યા પ્રમાણે આ આયોજનના પ્રથમ તબક્કે અમદાવાદ અને વડોદરા વિસ્તારના પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલી ૫૦૦ જેટલી વ્યક્તિઓને અંગ્રેજીની તાલીમ આપવામાં આવશે. જેમાં ગુજરાત લકઝરી કાર એસોસિએશનના ડ્રાઈવર, ટૂર્સ અને ટ્રાવેલ્સ એસોસિએશનના અધિકૃત એજન્ટ, ટ્રાવેલ, ટુરિઝમ અને હોટલ મેનેજમેન્ટના અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાના વિદ્યાર્થીઓ, ત્રણ તારકથી ઉપરની વિવિધ હોટેલના કસ્ટમર કેર વિભાગના એકઝીકયુટીવ, ટીસીજીએલના કર્મચારીઓ અને ટુરિસ્ટ ગાઈડ ઉપરાંત નિર્મળ ફાઉન્ડેશનના સહયોગી એવા ઓટો ડ્રાઈવર્સને આ તાલીમ હેઠળ આવરી લેવાશે.

આ તાલીમ ૬૦થી ૯૦ કલાકની રહેશે. સ્કોપ દ્વારા ઓગષ્ટ મહીનામાં પરીક્ષા લેવાશે. તાલીમમાં જોડાયેલાં તમામને સ્કોપ અને કેમ્બ્રીજ યુનિવર્સિટીના સહયોગમાં પ્રમાણપત્ર અપાશે. સ્કોપ અને ટીસીજીએલના અધિકારીઓ દ્વારા આ તાલીમનું સતત નિરીક્ષણ પણ કરવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમના બીજા તબક્કામાં સાપુતારા, સુરત, રાજકોટ, કચ્છ, દ્વારકા, જૂનાગઢ, જામનગર અને પોરબંદર પંથકમાંથી પ્રવાસન ક્ષેત્રે પ્રવૃત્ત ૫૦૦ જેટલાં વ્યક્તિઓને તાલીમ આપવામાં આવશે.

## મતદાર યાદી સુધારણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મથકો પર બુથ લેવલ ઓફિસરો સવારના ૯ થી ૬ દરમિયાન ફરજ બજાવશે.

તેમણે કહ્યું હતું કે પંચ દ્વારા મતદાર યાદી સુધારણા ઝુંબેશ માટે નિમાયેલ નિરીક્ષક શ્રી બિમલાનંદ જહા આજે ગાંધીનગર આવ્યા હતા. તેમણે જિલ્લાના પાંચેય વિધાનસભા મત વિસ્તારના ચૂંટણી અધિકારીઓ અને અધિક ચૂંટણી અધિકારીઓ સાથે બેઠક યોજી યાદી સુધારણા ઝુંબેશની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

શ્રી બિમલાનંદ જ્હાએ જિલ્લામાં ચાલી રહેલ ઝુંબેશ અંગે સંતોષની લાગણી વ્યકત કરી હતી. મતદારોની વસ્તીના પ્રમાણમાં નોંધણી, જેન્ડર રેશિયો તેમજ ઓળખકાર્ડ ધરાવતા મતદારોની ટકાવારી અંગે તેમણે સંતોષ વ્યકત કર્યો હતો.

શ્રી સ્વરૂપે જણાવ્યું હતું કે મતદાર સહાયતા કેન્દ્રોને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. શ્રી જહા ગાંધીનગરમાં અધિકારીઓ સાથે બેઠક કર્યા બાદ માણસા વિધાનસભા મત વિસ્તારના પ્રવાસે જવા રવાના થયા હતા.

દરમિયાન મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં મતદાર નોંધણી અંગે પંચ દ્વારા હાથ ધરાયેલ 'સ્વીપ'ની કામગીરીને લઈ આજે પંચના નિરીક્ષક શ્રી જ્હાએ ઊંડાણપૂર્વક સમીક્ષા કરી હતી. યુવા મતદારો અને મહિલા મતદારોની નોંધણી માટે તંત્રએ અપનાવેલા અભિગમને તેમણે બિરદાવ્યો હતો.

## હોદ્દા છોડી દીધા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચાર વર્ષ પહેલાં તેમને પાર્ટી છોડવી પડી હતી પરંતુ ઉત્તર પ્રદેશની ચૂંટણી પહેલાં નિતીન ગડકરી સંજય જોષીને પાછા લઈ આવ્યા હતા.

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રકાશ જાવડેકરે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે સંજય જોષીએ પાર્ટીમાંથી દૂર થવાની રાષ્ટ્રીય પ્રમુખને વિનંતી કરી હતી જેનો પાર્ટીએ સ્વીકાર કર્યો છે. તેમણે એવી સ્પષ્ટતા પણ કરી હતી કે સંજય જોષીએ સામેથી પાર્ટી છોડવાનું કહ્યું હતું તેથી પાર્ટીએ તમામ પદ ઉપરથી તેમને મુક્ત કર્યા છે.

પાર્ટીમાંથી રાજીનામું આપનારા સંજય જોષીએ કહ્યું હતું કે તેમણે નરેન્દ્ર મોદીના કારણે પાર્ટીમાંથી રાજીનામું આપ્યું નથી. તેઓ સંઘ પરિવારમાં ચાલુ રહેશે.

રાજીનામું આપ્યા બાદ સંજય જોષીએ જાતે તેમને એક રૂમમાં બંધ કરી દીધા હતા પરંતુ પત્રકારો સામે આવતા તેમણે પાર્ટી છોડવાની જાહેરાત કરી હતી.

ગુજરાત અને દિલ્હીમાં છેલ્લા બે દિવસથી સંજય જોષીના પોસ્ટરોએ ભારે વિવાદ જગાવ્યો છે. જો કે સંજય જોષીએ સ્પષ્ટતા કરી હતી કે આ પોસ્ટરો મેં લગાવડાવ્યા નથી અને કોણે લગાવ્યા છે તેની ખબર નથી. દરમ્યાન આજે તેમણે પાર્ટીના તમામ પદ છોડી દીધાં છે.

## ખેડૂતો ખુશહાલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નવસારી જિલ્લાના જલાલપોરમાં ૨૯ મિ.મિ., નવસારીમાં ૪૫ મિ.મિ., ગણદેવીમાં ૧૨ મિ.મિ., ચીખલીમાં ૧૭ મિ.મિ., સુરત જિલ્લાના બારડોલીમાં ૩૪ મિ.મિ. જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે.

જ્યારે ગાંધીનગર જિલ્લાના કલોલમાં ૧૨ મિ.મિ., ગાંધીનગરમાં ૪૨ મિ.મિ. જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે. છએલ્લા બે દિવસ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં સરેરાશ વરસાદ સામે ૩.૨૦ ટકા વરસાદ નોંધાઈ જવા પામ્યો છે. ગાંધીનગર તાલુકામાં સરેરાશ વરસાદ સામે ૧૦.૪૪ ટકા વરસાદ નોંધાઈ જવા પામ્યો છે.

આમ છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યના ૧૧ જિલ્લાના ૨૨ તાલુકાઓમાં વરસાદ નોંધાવા પામ્યો છે. જેમાં ૨૯ તાલુકાઓ એવા છે જ્યાં ૦ થી ૫૦ મી.મી. જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે.

ગઈકાલે સાંજે ગાંધીનગરમાં મેઘરાજાએ મન મુકીને પધરામણી કર્યા બાદ આજે દિવસે ભારે ઉકળાટ અને ગરમી સાથે ઉઘાડ નીકળવા પામ્યો હતો. આજે દિવસ દરમ્યાન ભારે ઉકળાટ રહેતા લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા હતા.

આજે દિવસ દરમ્યાન પણ સુરત સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ થવા સાથે ચોમાસાનો પ્રારંભ થવા પામ્યો હતો.

# સમાચાર ઝલક

- રાષ્ટ્રપતિ પ્રતિભા દેવીસિંહ પાટીલે ૩૦ની ફાંસીની સજા ઘટાડી નવો રેકર્ડ સ્થાપ્યો.
- યુનિયન બેંક દ્વારા ચક્ષુઓ માટે 'ટોકિંગ એ.ટી.એમ.' દેશમાં સૌપ્રથમ અમદાવાદ અંધશાળા ખાતે શરૂ થયું.
- બોલીવુડ અભિનેતા અભિષેક બચ્ચનને આવકવેરા એ નોટિસ ફટકારી.
- રાજયના છ જિલ્લાઓમાં નર્મદાની મુખ્ય નહેરમાંથી વાવેતર માટે પાણી અપાશે : રાજય સરકારનો નિર્ણય.
- મુંબઇ-અમદાવાદ બુલેટ ટ્રેનને લીલીઝંડી.
- મોરબીની સાયન્ટીફીક કલોકવાળા જયેશભાઇ મિસ્ત્રીનું વાહન અકસ્માતમાં મોત.
- અમરેલીમાં પોલીસની કાર ઉઠાવી જવાનો પ્રયાસ કરતો રાજકોટનાં બુલટેગર પકડાયો.
- ગુજરાતમાં બી.પી.એલ. કુટુંબો માટે અમૃતમ્ ફ્રી સારવાર યોજના શરૂ, બી.પી.એલ. કુટુંબના વ્યક્તિને હૃદયરોગ, કીડની, ગંભીર બિમારી માટે રૂા. ૨ લાખ સુધીની સારવાર મફતમાં મળશે.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ખેલાડી વડોદરાના યુસુફ પઠાણને અર્જુન એવોર્ડ એનાયત થયો.
- મોન્સુન હંગામા : ત્રણ માસમાં ૩૦ ફિલ્મો થિયેટરને 'હીટ' કરવા લાઇનમાં છે. રૂપિયા ૫૦૦ કરોડનાં બજેટને ડબલ કરવા તૈયારી.
- શેરબજારમાં સરકારી નીતિથી ઉત્સાહનો માહોલ : આજે પણ શેરબજાર ખુલતાં તેજીનો ઉછાળો, ઇન્વેસ્ટરોને જલસા.
- આયોજન પંચે બે ટોયલેટ રૂા. ૩૫ લાખમાં રીનોવેશન કર્યા, સ્માર્ટ કાર્ડથી દરવાજો ખુલશે, હાટકેશ શોચાલય બનાવ્યા.
- ઐસા ભારત મેં હી હોતા હૈ : પૈસા નહોતા એટલે પીવા માટે નસબંધી કરાવી.
- મેડિકલ-ડેન્ટલ અભ્યાસક્રમમાં ફીનો જંગી વધારો આવી રહ્યો છે.
- વિશ્વના સૌથી પ્રસિધ્ધ બ્રોકરેજ માર્કેટ સી.એસ.એસ.એ. એ ગુજરાતના વિકાસને ભારતમાં સર્વશ્રેષ્ઠ ગણાવ્યો.
- શેતરંજ રમતમાં પાંચમી વારના વિશ્વવિજેતા શ્રી વિશ્વનાથન આનંદને તામિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ રૂપિયા ૨ કરોડનું ઇનામ આપ્યું.
- ગરીબ વિદ્યાર્થીઓની શિક્ષણ લોનમાં હવે 'જામીન' સરકાર થશે. ગેરંટી ફંડ ઊભું કરાશે.
- તા.૧ જૂલાઇથી તમામ પ્રકારની સેવાઓ પર સર્વિસ ટેક્સ લાગુ થશે, ધાર્મિક અંતિમવિધિને મુક્તિ રહેશે.
- મારૂતિએ પેટ્રોલ કારનું ઉત્પાદન ઘટાડી દીધું છે.
- સીરીયામાં ફરિ નરસંહાર : ૧૦૦ લોકોનાં મોત.
- ભારતમાં ફરી મંદી આવે તેવી શક્યતા : આર્થિક નિષ્ણાંતોનો મત.
- મહિધરાનાં રિધ્ધિ બુલિયન પેઢીમાં ૭૫ લાખના સોનાની ચોરી, પોલીસે પાંચેય આરોપીને ઝડપી લીધા.
- હવે વધશે ઇન્ટરનેટ સ્પીડ, નવું નેટ પ્રોટોકોલ વર્ઝન શરૂ.
- વિરમગામ પાસે ટ્રક અકસ્માતમાં મૃત્યુ પામનાર જૈન સાધ્વીજીની તપાસ સી.બી.આઇ.નો સોંપવા જૈન સમાજની ઉગ્ર માગણી.
- રિલાયન્સ ભારતમાં ૧ લાખ કરોડનું રોકાણ કરશે, જામનગરમાં નવો પ્લાન્ટ સ્થપાશે.
- તા. ૨૫-૨૬ જુલાઇના રોજ દેશવ્યાપી બેંક હડતાલ.
- સોનામાં ૩૦ હજારથી અધિક ભાવે ખરીદી કેમ કરવી? રીટેઇલરો-ઇન્વેસ્ટરો મુઝવણમાં, ડગમગતો વિશ્વાસ.
- આપણા શિક્ષકો પુરતા શિક્ષિત નથી : કપિલ સિબ્બલ.
- કેન્દ્રમાં વિકલાંગ માટે હવે અલગ વિભાગ મંત્રાલય બનશે.
- પાકિસ્તાનમાં મુખ્ય ન્યાયમૂર્તિ ખુદ તેમનાં પુત્ર સામે ભ્રષ્ટાચારનો કેસ ચલાવશે.


## મિલ્કત વેચવાની છે

**ગાંધીનગર નાગરીક કો.ઓ. બેન્ક લિ., ગાંધીનગર**
પ્લોટ નં. ૩૯૧, ઘ-૪ા, સેક્ટર-૧૬, ગાંધીનગર

આથી જાહેર જનતા તથા સભાસદો તથા ડિપોઝીટરોને જણાવવામાં આવે છે કે, વેચાણ અધિકારી ગુજરાત સહકારી કાયદાની કલમ-૧૫૯ હેઠળ મળેલ સત્તાની રૂએ તેમજ અમદાવાદ બોર્ડ ઓફ નોમીનીઝ જજમેન્ટ આધારે ગાંધીનગર નાગરીક કો.ઓ. બેન્કની લોન બાકી હોવાથી પેથાપુરમાં આવેલ નીચેની મિલ્કતનું વેચાણ કરવાની થાય છે.

| ક્રમ | નામ (લોન લેનાર) | રહેઠાણનું સરનામું | હરાજી કરવાની મિલ્કતનું વર્ણન | ક્ષેત્રફળ બાંધકામ |
|---|---|---|---|---|
| ૧. | અમરસિંહ શીવાજી ચૌહાણ | પેથાપુર, તા.જી. ગાંધીનગર | ૩૮૩૭, ૩૮૩૮ વચલુ રૂપ ફતેપુરા, પેથાપુર | ૨૭.૦ ચો.મી ૨૭.૦ ચો.મી બાંધકામ |

**વેચાણની શરતો :-**

(૧) ભાવપત્રક બંધ કવરમાં વેચાણ અધિકારીને ગાંધીનગર નાગરીક બેંકમાં તા. ૧૩-૭-૨૦૧૨ સુધીમાં આપવાનું રહેશે. હરાજી તા. ૧૪-૭-૨૦૧૨.
(૨) ભાવપત્રક ભરતી વખતે રૂ. ૧૦,૦૦૦/- બેંકમાં ડિપોઝીટ કરવાની રહેશે.
(૩) જો યોગ્ય કિંમત ન ઉપજે તો બેન્કને આ મિલ્કત લેવાનો અધિકાર રહેશે.
(૪) મિલ્કત જે તે હાલતમાં આપવામાં આવશે. તમામ વેરા તથા વીજળી બિલની જવાબદારી ખરીદનારની રહેશે.
(૫) વેચાણ બંધ રાખવાનો અધિકાર વેચાણ અધિકારીનો રહેશે.
(૬) આવેલ ભાવપત્રકોમાં સૌથી વધુ ભાવ રજૂ કરનારને મિલ્કતનું વેચાણ કરવામાં આવશે.
(૭) મિલ્કત લેનાર દિન-૧૦માં બાકીની રકમ ન ભરે તો ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

**જામીનોને નોટીસ :**

ઉપરોક્ત મિલ્કતની કિંમત લોનની રકમથી ઓછા ઉપજે અથવા કોઈ કારણસર હરાજીમાં મિલ્કત લેનાર ના થાય તો તા. ૧૪-૭-૨૦૧૨ થી ૩૦ દિવસમાં જામીનોની સ્થાવર તેમજ જંગમ મિલ્કતો ટાંચમાં લઈ જાહેર હરાજી કરવામાં આવશે.

**જાહેર નોટીસ**

જાહેર જનતાને જણાવવાનું કે, ઉપરોક્ત ઈસમોની કોઈપણ પ્રકારની સ્થાવર જંગમ મિલ્કત અંગે કોઈપણ પ્રકારની નાણાંકીય લેવડ-દેવડ કરવી - કરાવવી નહીં તેમ છતાં કરેલ નાણાંકીય વ્યવહાર અંગેની જવાબદારી અમારી રહેશે નહીં તેની નોંધ લેશો.

તારીખ : ૮-૬-૨૦૧૨
સ્થળ : ગાંધીનગર

સહી/-
**વેચાણ અધિકારી**
(ગુજરાત સરકાર અધિકૃત)
ગાંધીનગર નાગરીક કો.ઓ. બેંક લિ., ગાંધીનગર.